# નિવેદન

ગીરના જંગલોની નજીકનું મારું વતનનું ગામ, શિક્ષણની સાથે બાળપણમાં પશુઓ ચરાવવાનું કાર્યપણ કરેલુ. ખેતી અને પશુપાલન ખેડૂતના દીકરાને વારસામાં મળેલા હોય છે. શૈશવમાં ઘણાય નાના-મોટા માલધારીઓ સાથે ઘરોબો સંબંધ તેમજ શિયાળા અને ઉનાળામાં હાલાર અને પંચાળના માલધારીઓ પોતાના પશુઓ સાથે દર વર્ષ સીમ-સીમાડે આવી વસતા. તેમનું લોકજીવન લોકકલા અને લોક સાહિત્યમાં વિવિધતા જોવા મળતી માલધારીઓની આ નિરાળી લોકસંસ્કૃતિ જ મને 'ગુજરાતના માલધારીઓના લોકવાડમય તુલનાત્મક અને સમીક્ષાત્મક અભ્યાસ' તરફ દોરી લાવી મારે પીએચ.ડી. નો અભ્યાસ કરવા માટે ડૉ. ભરત પંડયા સાહેબ સાથે મારી મુલાકાત થઈ. મારા અભ્યાસની રસ, રૂચિ જાણીને તેમણે મને 'ગુજરાતના માલધારીઓના લોકવાડમય તુલનાત્મક અને સમીક્ષાત્મક અભ્યાસ' વિષય સૂચવ્યો જે મે સહર્ષ સ્વીકારી લીધો.

સંશોધન કાર્ય એ કોઈપણ વ્યક્તિ માટે કસોટીરૂપ ગણી શકાય. મારા માટે પણ શરૂઆતમાં આ કાર્ય પડકારજનક હતુ. પરંતુ ઈશ્વર કૃપાથી મારું આ સંશોધન યોગ્ય સમયે અને સંતોષજનક રીતે પૂર્ણ થયુ છે. આ સંશોધન કાર્યમાં ઘણા લોકોનું મારા પર ઋણ છે. એ દરેકનો હું હ્રદયપૂર્વક આભાર માનું છુ.

સૌ પ્રથમ મારા મહાનિબંધના સંશોધન કાર્યમાં પથદર્શક. મારા માર્ગદર્શક પરમ વંદનીય ડૉ. ભરત પંડયા સાહેબને કોટી કોટી વંદન કરુ છું. મારી લોકસાહિત્ય પ્રીતિને જાણી અંગત રસ લઈ મને સતત પ્રેરણા અને પ્રોત્સાહિત કરીને જે મદદ કરી છે. તેનો આભાર માનવા માટે શબ્દો ઓછા પડે છે. કોઈ પૂર્વ જન્મના પુણ્યને કારણે આવા માર્ગદર્શક મળી શકે છે. આ ઉપરાંત જીવનના મહત્ત્વના તબક્કે જેમણે મને પ્રોત્સાહન પુરુ પાડ્યુ છે તેવા મારા જયેષ્ઠ બંધુ ડૉ. હરિભાઈ કાતરિયા (એમ.એસ. યુનિવર્સિટી, બરોડા, ડીન. સાયન્સ ફેકલ્ટી)નો પણ હું આજીવન ઋણી રહીશ. જ્યારે હું મુંઝવણમાં મુકાયો હોય ત્યારે જરૂરી માર્ગદર્શન તેમણે પુરુ પાડયું છે.

આ સંશોધન કાર્યમાં સતત પ્રેરણા અને સાથ સહકાર આપનાર ડૉ. જે.એમ.ચંદ્રવાડિયા સાહેબે (સૌરાષ્ટ્ર યુનિ.રાજકોટ) મારા વિષયની સંદર્ભ સામગ્રી હાથવગી કરી આપી છે. તેમને પણ આ તકે સ્નેહપૂર્ણ યાદ કરુ છુ. આ સંશોધન કાર્ય દરમ્યાન ગીરના નેસડામાં રહેતા અભણ અને જ્ઞાની માલધારી ભાઈ-બહેનોનો પણ અમૂલ્ય ફાળો છે. તેઓના સહયોગથી તેમનું લોકજીવન, લોકકલા, લોક સાહિત્યને ખરા અર્થમાં જાણી શકાયુ. તેમનો પણ હું આભાર માનું છુ.

સંશોધન કાર્યમાં મદદ કરનાર પરમમિત્ર ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. રામસિંગ ઝાલા, ડૉ. અર્જુન રબારી વગેરે મિત્રોએ મને મદદ કરવા કાયમ તત્પરતા દર્શાવી છે. તેની આ તકે આનંદ સાથે નોંધ લઉ છુ તથા પીએચ.ડી કયારે પૂર્ણ કરીશ એમ વારંવાર પૂછી મારી આળસ ખંખેરતા મારી શાળાના સાથી સારસ્વત મિત્રોને કેમ ભૂલી શકાય ?

આ મહાનિબંધ સારી રીતે પૂર્ણ કરવા મારા માતા-પિતાના અંતરના આશીર્વાદ તેમજ જેના સહકાર વિના આ કાર્ય જલ્દી પૂર્ણ ન કરી શકત એવી મારી ધર્મપત્ની રસીલા તથા બન્ને પુત્રીઓ ડૉ. અંકીતા, ડૉ. મીરાં તથા પુત્ર ચિ.જિજ્ઞેશને પણ આ તકે યાદ કરું છુ. એમનો પ્રેમ અને લાગણી મારા આ કાર્યમાં ઘણા સહકારપૂર્ણ રહ્યા છે.

સમગ્ર સંશોધન દરમ્યાન મને ઘણા સંદર્ભગ્રંથોની જરૂર પડી છે. ત્યારે દરેક પ્રકારના સંદર્ભો પૂરા પાડનાર ગ્રંથાલયો અને ગ્રંથપાલનો પણ હું આભાર માનુ છુ. તેમજ મારા આ સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મદદરૂપ બનનાર હંસામહેતા લાયબ્રેરી, વડોદરા સૌ સ્નેહીજનો તેમજ વિદ્વાનોના સંદર્ભો લીધા છે એ સર્વનો હૃદયપૂર્વક આભાર માનું છુ.

**દેવદિવાળી**
**વિક્રમ સંવત-૨૦૭૭**

**કાતરિયા મહેશભાઈ જે.**